આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તમે ચાહે એક હજાર વાર સારા અને સાચા કેમ ના હોવ, છતાં પણ લોકો તમારી એક જ ભૂલ થવાની રાહ જોતા હોય છે
- વોરેન બફેટ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૮૭ | ૭ જૂન, ૨૦૧૩, શુક્રવાર; વૈશાખ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ બમણી કરાઈ

## શાળા પ્રવેશોત્સવ અંગે જિલ્લામાં ચાલી રહેલી તડામાર તૈયારીઓ : વાલીઓ અને પ્રવેશપાત્ર બાળકોને રંગીન આમંત્રણ કાર્ડ મોકલાશે : ગામેગામ પ્રભાતફેરી યોજાશે

ગાંધીનગર, તા. ૬

શાળા પ્રવેશોત્સવ વેળાએ કન્યા કેળવણીને પ્રોત્સાહન માટે દીકરીઓને અપાતા વિદ્યાલક્ષ્મી બોન્ડ હવે રૂ. એક હજારને બદલે રૂ. બે હજારના આપવામાં આવશે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેની જાણ તમામ જિલ્લાઓને કરી દેવામાં આવી છે.

આગામી ૧૩મીથી શરૂ થતા શાળા પ્રવેશોત્સવ દરમ્યાન જે દિકરીઓના વિદ્યાલક્ષ્મી બોન્ડ પાકી ગયા છે તેમને નાણાં પણ પ્રવેશોત્સવ દરમ્યાન ચૂકવી દેવામાં આવશે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં ૭૦૦ જેટલી દીકરીઓને આ વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ ચૂકવવામાં આવશે અને તે માટેની જરૂરી તમામ કાર્યવાહી પણ જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે સૌથી વધુ વિદ્યાલક્ષ્મી બોન્ડ કલોલ તાલુકામાં પાકી રહ્યા છે. જેની સંખ્યા ૧૮૦ જેટલી છે. આ પછી દહેગામ અને માણસા તાલુકો આવે છે.

શાળા પ્રવેશોત્સવની તૈયારીઓ હાલ જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પૂરજોશમાં ચાલી રહી છે. આ માટે જિલ્લામાં ૪૧ રૂટ નિયત કરવામાં આવ્યા છે.

જિલ્લા શિક્ષણતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પ્રવેશોત્સવની કામગીરી માટે જિલ્લાના વિવિધ



કર્મચારીઓને ફરજ સોંપતા હુકમો પણ કરી દેવામાં આવ્યા છે.

બીજી તરફ આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વીડીયો કોન્ફરન્સ યોજી શાળા પ્રવેશોત્સવ અંગે અધિકારીઓને ખાસ માર્ગદર્શન આપ્યું હતું જે મોડી સાંજ સુધી વિડીયો કોન્ફરન્સ ચાલી હતી.

સમાજમાં શિક્ષણ અંગેની લોકજાગૃતિ કેળવવાના ઉમદા આશયથી રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં વર્ષ- ૨૦૦૨ - ૨૦૦૩થી કન્યા કેળવણી રથ યાત્રા અને શાળા -વેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષ કન્યા કેળવણી રથ યાત્રા અને શાળા -વેશોત્સવ કાર્યક્રમ બે તબક્કામાં યોજાનાર છે. જેમાં ગ્રામ્યા કક્ષાનો આ કાર્યક્રમ તા. ૧૩ થી ૧૫ જૂન, ૨૦૧૩ દરમ્યાન યોજાનાર છે. શહેરી વિસ્તારમાં શાળા -વેશોત્સવ કાર્યક્રમ તા. ૨૦ થી ૨૨મી જૂન, ૨૦૧૩ દરમ્યાન યોજાનાર છે. શાળા -વેશોત્સવ ૨૦૧૩-૧૪ દરમ્યાન શાળામાં ભણેલા ગામમાં રહેતા વયોવૃધ્ધ અને શાળામાં ભણીને પોતાના કાર્યક્ષેત્રમાં ખાસ યોગદાન આપેલ હોય તેવા વ્યક્તિઓનું સન્માન કરવામાં આવશે. આંગણવાડીમાં -વેશ મેળવનાર તમામ ભુલકાઓને એકટીવીટી બુક અને ડ્રોઈંગ બુક આપવામાં આવશે. શાળા દ્વારા વાલીઓ અને -વેશ પાત્ર બાળકોને નાનકડાં રંગીન સ્વનિર્મિત આમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં કન્યા કેળવણી રથ યાત્રા અને શાળા -વેશોત્સવ કાર્યક્રમ થકી ડ્રોપ આઉટ રેસીયો નીચો આવી ગયો છે. તેમજ ૧૦૦ ટકા નામાંકનનો લક્ષ્યાંક હાંસલ થવા લાગ્યો છે. જિલ્લામાં આ ત્રિદિવસીય કાર્યક્રમ અંતર્ગત મંત્રીશ્રીઓ, રાજયના ઉચ્ચ અધિકારીશ્રીઓ, જિલ્લા કક્ષાના અધિકારીશ્રીઓ અને અન્ય નામાંકિત મહાનુભાવો દ્વારા રોજની પાંચ શાળાઓની સવારે ૮ થી ૪ કલાક વચ્ચે મુલાકાત લેશે. -વેશપાત્ર તમામ બાળકોને -વેશ આપવામાં આવશે. ડ્રોપ આઉટ

● અનુસંધાન પાન-૭ પર

# તલાટીઓને ફરજનું મુખ્ય મથક નહિ છોડવા તાકીદ

## ફિરોઝપુર-વલાદ-રાયસણમાં વાવાઝોડાથી રૂ. છ લાખનું નુકશાન : તંત્ર દ્વારા પરિસ્થિતિની કરાયેલી સમીક્ષા

ગાંધીનગર, તા.૬

ચોમાસાની સિઝન દરમિયાન જિલ્લાના કોઈ તલાટીએ પોતાની ફરજનું મુખ્ય મથક પૂર્વ મંજૂરી વિના છોડવું નહિ તેવી કડક તાકીદ આજે જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવી છે તેમજ વડુ મથક છોડતા પહેલાં પૂર્વ મંજૂરી સક્ષમ અધિકારીની લેવાની રહેશે તેમ પણ જણાવાયું છે.

ચોમાસાના પ્રારંભ પૂર્વે જ રાયસણ, વલાદ અને ફિરોઝપુરમાં આવેલા વાવોઝોડાથી થયેલા નુકશાન અંગેની વિગતોને ગંભીરતાથી લેતાં તંત્ર એ આજે પરિસ્થિતિની સમીક્ષાને અંતે કડક સૂચનાઓ જારી કરી છે.

મળતી વિગતો મુજબ તંત્ર એ આ ત્રણેય ગામોમાં થયેલા નુકશાન અંગેનો સર્વે રિપોર્ટ પણ માંગ્યો છે. આવેલા આ વાવાઝોડામાં ત્રણ વ્યકિતઓને ઈજા થઈ છે તેમજ એક પ્રા. શાળા સહિત ૩૭ જેટલા મકાનોના છાપરા ઉડી જવા પામ્યા હતા. જે મકાનોના છાપરા ઉડી ગયા

● અનુસંધાન પાન-૭ પર



જગન્નાથ મંદિર ખાતે રથયાત્રા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે તૈયારીઓ હાથ ધરવામાં આવી ચુકી છે.

# એક કરોડ કે તેથી વધુના પ્રોજેક્ટમાં કેબિનેટ મંત્રીની મંજૂરી લેવી પડશે

## ૧૦ લાખ સુધીની ખરીદીઓની સત્તા પૂર્વે મંત્રીની મંજૂરી જરૂરી : અધિકારીઓ કે કર્મચારીઓની બદલી અને બઢતીની ફાઈલો હવે ઉપર સુધી જશે

ગાંધીનગર, તા.૬

ગુજરાત સરકારના -ત્યેક વિભાગોમાં એક આદેશ દ્વારા એવું જણાવવામાં આવ્યું છે કે વિભાગના કર્મચારીઓને લગતા મુદ્દાઓ ઉપરાંત નવી ખરીદી, નવા -ોજેક્ટ્સ અને કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓમાં ગ્રાન્ટની ફાળવણી પૂર્વે કેબિનેટ મંત્રીની મંજૂરી લેવી જરૂરી છે. ખાસ કરીને અધિકારી કે કર્મચારીઓની બદલી કે બઢતીના -સંગોએ પણ સબંધિત મંત્રીઓની પરવાનગી વિના કાર્યવાહી થઈ શકશે નહી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નાયબ સચિવ વી.જી.વણઝારાની સહીથી ઈસ્યુ થયેલા આદેશમાં એવું જણાવવામાં આવ્યું છે કે વિભાગની તમામ કામગીરીમાં આરોગ્ય મંત્રીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે. આ આદેશ અધિક સચિવ, નાયબ સચિવ અને ઉપસચિવને કરવામાં આવ્યા છે. સચિવાલયના સૂત્રોએ જણાવ્યું હતુ કે આરોગ્ય વિભાગની જેમ અન્ય વિભાગોમાં પણ આ -કારના આદેશ જારી કરવામાં આવ્યા છે.

**કઇ કઇ બાબતોમાં મંત્રીની મંજૂરી જરૂરી છે**

જાહેર સેવા આયોગની ભલામણથી સીધી ભરતીથી પસંદગી પામેલા અથવા અન્ય પસંદગી સમિતિ દ્વારા પસંદ થયેલા વર્ગ-૧ અને વર્ગ-૨ની તમામ અધિકારીઓની નિમણૂકની દરખાસ્તો.

આ બન્ને વર્ગના તમામ સંવર્ગમાં ફરજ બજાવતા અધિકારીઓની બદલી, -તિનિયુક્તિ અને બઢતીની દરખાસ્તો.

વિવિધ વર્ગોમાં ખાસ ભરતી, છૂટછાટ આપવી કે કરાર આધારિત નિમણૂકના કેસો.

વ્રગ-૨ની અવેજી નિમણૂકો, પસંદગી યાદીના સંદર્ભમાં અથવા પસંદગી યાદી ન હોય ત્યારે માન્ય યાદી ધ્યાનમાં લીધા સિવાય બે મહિનાથી વધુ મુદત સુધીની નિમણૂકો.

વર્ગ-૩ની નર્સિંગ તથા પેરા મેડિકલ સ્ટાફના અન્ય તમામ વર્ગ-૩ની નિમણૂકો, બદલી, બઢતી અને -તિનિયુક્તિની બાબતો.

વર્ગ-૨ની રાજયપત્રિત અધિકારીઓની સેવાઓ નિયત

● અનુસંધાન પાન-૭ પર

# માણસામાં સ્વાઈન-ફ્લુનો પોઝેટીવ કેસ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના માણસા શહેરમાંથી આજે સ્વાઈન-ફ્લુનો પોઝીટીવ કેસ મળી આવતાં જિલ્લા આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

જિલ્લામાં સતત બદલાતા રહેતા હવામાનને પગલે છુટા છવાયા કેસો છેલ્લા ૧૫ દિવસથી બંધ થઈ ગયા હતા ત્યાં પુનઃ સ્વાઈન ફ્લુએ દેખા દેતાં તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે.

મળતી વિગતો મુજબ ૩૨ વર્ષીય મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયો છે. અને તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્ર દ્વારા દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી કરવામાં આવી છે પરંતુ કોઈ જ શંકાસ્પદ દર્દી મળેલ નથી.

જિલ્લામાં ચાલુ વર્ષે ૪૨ થી પણ વધુ સ્વાઈન ફ્લુના કેસો નોંધાયા છે. જે છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ છે.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫. મો ૯૭૧૪૧૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૭૪૮૧

# મેડીકલ અભ્યાસક્રમ પ્રવેશ મુદતને એક માસ વધારાઈ

## પ્રવેશ પ્રક્રિયા શરૂ થવામાં હજુ સમય લાગવાની શક્યતાને પગલે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ મુદતને વધારી

અમદાવાદ, તા.૬

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ જાહેર કરાયે એક મહિના કરતા વધુ સમય થઈ ગયો છે. તેમ છતાં હજી સુધી મેડીકલના સ્નાતક અને અનુસ્નાતક સ્તરના અભ્યાસક્રમોમાં પ્રવેશની કાર્યવાહી હજી સુધી શરૂ કરવામાં આવી નથી ત્યાં જ પ્રવેશ પ્રક્રિયા શરૂ થવામાં સમય લાગવાની શક્યતાને પગલે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા માટેની મુદત એક મહિનો વધારી દેવામાં આવી છે. પહેલા એમસીઆઈ દ્વારા ૩૦ જુન સુધી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની મુદત આપવામાં આવી હતી. જે હવે વધારીને ૩૧ જુલાઈ સુધીની કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ મેડીકલના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા નેશનલ એલિજિબિલીટી કમ એન્ટન્સ ટેસ્ટના આધારે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાની જાહેરાત કરાઈ હતી. પરંતુ હજુ સુધી મેડીકલના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવી નથી. મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ગાઈડ લાઈન મુજબ ૩૦ જુન સુધી મેડીકલના તમામ સ્તરના અભ્યાસક્રમોમાં પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ કરી લેવા માટે તાકીદ કરાઈ હતી. પરંતુ હજુ સુધી મેડીકલના સ્નાતક કે અનુસ્નાતક એકપણ અભ્યાસક્રમમાં પ્રવેશની પ્રક્રિયા શરૂ પણ કરવામાં આવી નથી. જેના કારણે પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ થવાની શક્યતાને પગલે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની મુદત વધારીને ૩૧ જુલાઈ કરી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટનું વિતરણ

અમદાવાદ, તા.૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૩માં લેવાયેલ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉત્તર બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમનું પરીણામ ૦૩ જૂનના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. હવે આગામી આઠ જૂનના રોજ માર્કશીટનું વિતરણ કરવામાં આવનાર છે. જેમાં રાજ્યની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોએ તા. ૦૮ જૂનના રોજ સવારે ૧૦:૦૦ થી ૦૪:૦૦ કલાક દરમિયાન જિલ્લા વિતરણ કેન્દ્રોની પોતાની શાળાના પરીણામો મેળવી વિદ્યાર્થીમાં વિતરણ કરવાનું રહેશે. વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહમાં ઉંચુ પરિણમ આવ્યા બાદ માર્કશીટ મેળવવા માટે ખૂબજ ઉત્સુક બનેલા છે.




